# ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૧-૭-૨૦૨૧, ગુરૂવાર




## પ્રથમવાર દરેકની આંખમાં હર્ષનાં આંસુ

# ઉત્તર ગુજરાતમાં ૧.૪૦ લાખ વિદ્યાર્થી ઉત્તિર્ણ, દરેક શાળાનાં ૧૦૦ ટકા પરિણામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ શિક્ષણક્ષેત્રે વર્ષ-૨૦૨૧ નું વર્ષ બોર્ડ પરીક્ષા આપનાર છાત્રો માટે યાદગાર વર્ષ બની ગયું. કોરોનાના કારણે તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી બોર્ડ દ્વારા ગત રોજ ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું ત્યારે ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાઓમાં પ્રથમવાર દરેકની આંખમાં હર્ષનાં આંસુ જોવા મળ્યાં કારણ કે રેગ્યુલર એકપણ વિદ્યાર્થી નાપાસ થયા નથી. ૫ જિલ્લામાં નોંધાયેલા તમામ ૧,૪૦,૭૧૪ છાત્રોને બોર્ડ દ્વારા પાસ કરવામાં આવ્યા છે. એ-૧ ગ્રેડ સાથે ૧૯૧૪ વિદ્યાર્થી, ડી-ગ્રેડમાં ૩૨,૩૪૨ વિદ્યાર્થી ઉત્તિર્ણ થયા છે. તમામ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. દર વર્ષે અનેક શાળાઓનું ૦ ટકા પરિણામ આવતું હતું તેવી શાળાઓ માટે માસ પ્રમોશન સંજીવનીરૂપ બન્યો છે.

છેલ્લા ૧૫ મહિનાથી કોરોનાના કારણે શૈક્ષણિક સંકુલોમાં વિદ્યાર્થીઓની હાજરી જોવા ન મળી. માર્ચ-૨૦૨૦ પછી કોરોનાનું સંક્રમણ વધ્યું. મૃત્યુદર ઉંચકાયો જેના કારણે મે. મહિનામાં પરીક્ષા યોજવી શક્ય ન બનતાં છેવટે સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા ધો.૧૦-૧૨ ના તમામ રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરાયો જેના કેટલાક વિસ્તારોમાં ઘેરાપ્રત્યાઘાત પડ્યા. અનેક મેરીટ છાત્રો માસ પ્રમોશનના નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરી ત્યારબાદ છેલ્લા એક સપ્તાહથી ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં તારીખ..પે..તારીખ જેવી સ્થિતિ હતી. આખરે તા.૨૯ જૂનના રોજ રાત્રે બોર્ડ દ્વારા નિર્ધારીત વેબસાઈટ ઉપર શાળાનું પરિણામ જાહેર કર્યું. આ સાથે જ ગત રાત્રિથી સમગ્ર ઉત્તર ગુજરાતમાં બોર્ડ પરિણામમાં એકપણ વિદ્યાર્થીને નાપાસ નહીં કરવાનો વિક્રમ સ્થપાવવાની સાથે ખુશાલી છવાઈ છે.

### ઉત્તર ગુજરાતના બોર્ડ પરિણામ ઉપર નજર..

| જિલ્લો | વિદ્યાર્થીઓ | એ-૧ ગ્રેડ | એ-૨ ગ્રેડ |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૪૯,૧૦૮ | ૩૭૪ | ૨૦૬૦ |
| સાબરકાંઠા | ૨૧,૪૨૫ | ૨૩૫૧ | ૧૦૯૧ |
| પાટણ | ૧૯,૬૯૬ | ૨૨૮ | ૭૬૯ |
| મહેસાણા | ૩૩,૧૯૭ | ૭૫૪ | ૨૧૫૫ |
| અરવલ્લી | ૧૭,૨૮૮ | ૨૦૭ | ૬૪૫ |

### ડી-ગ્રેડમાં સૌથી વધુ ૩૨,૩૪૨ વિદ્યાર્થી ઉત્તિર્ણ, અરવલ્લીનું શિક્ષણ સુધર્યું..

બાયડ : બોર્ડ દ્વારા ધો.૧૦ નું ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું છે. પરંતુ ડી-ગ્રેડમાં સૌથી વધુ ૩૨,૩૪૨ વિદ્યાર્થી ઉત્તિર્ણ થયાનું જાણવા મળ્યું છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં અરવલ્લી જિલ્લાનું સુધર્યું હોય તેવું ડી-ગ્રેડ ઉપરથી કહી શકાય કારણ કે અરવલ્લીના માત્ર ૨૮૪૨ વિદ્યાર્થીઓનો ડી-ગ્રેડમાં સમાવેશ થયો છે. બનાસકાંઠાના ૧૧,૯૬૭, મહેસાણાના ૮૫૩૦, પાટણ ૫૪૩૧ અને સાબરકાંઠા ૩૫૭૨ વિદ્યાર્થી ડી-ગ્રેડમાં ઉત્તિર્ણ થયાનું જાણવા મળ્યું છે. જેમાંના મોટાભાગના વિદ્યાર્થીઓને ગ્રેસીંગ આપીને પાસ કરવામાં આવ્યા છે.

### ઉત્તર ગુજરાતમાં એ-૧ ગ્રેડમાં મહેસાણા જિલ્લાએ મેદાન માર્યું..

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ – ગાંધીનગર દ્વારા ધો.૧૦ બોર્ડ પરિણામ મંગળવાર રાત્રે જાહેર કરાયું. જેમાં મહેસાણા જિલ્લાના ૭૫૪ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં ઉત્તિર્ણ થઈ બોર્ડ પરીક્ષામાં મેદાન માર્યું છે. ત્યારબાદ બનાસકાંઠામાં ૩૭૪ અને સાબરકાંઠાના ૩૫૧ છાત્રો એ-૧ ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે.

# વેક્સિનની અછત : સાબરકાંઠા, અરવલ્લીમાં વેક્સિન લેવા માટે લોકોને ધરમધક્કા

## વેક્સિનેશન વધારવાના આદેશ બાદ સરકાર જથ્થો પૂરો પાડવામાં ઉણી ઉતરી

હિંમતનગર તા.૩૦ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સંક્રમણની લહેર ધીમી પડવાની સાથે રસીની પણ અછત ઉભી થતાં રસી લેવા માટે લોકોને ધરમધક્કા થઈ ગયા છે. મોટા ઉપાડે સરકારે રસીકરણ વધારવાના આદેશ આપ્યા પરંતુ જથ્થો પહોંચાડવામાં ખુદ સરકારી તંત્ર ઉણું ઉતર્યું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી વેક્સિનના અપૂરતા જથ્થાના કારણે અંધાધૂંધીનો અંદરખાને માહોલ છતાં આરોગ્ય વિભાગે સૂચક મૌન સેવી લીધું છે.

જિલ્લામાં કોરોનાની ત્રીજી લહેર સામે લડવા માટે મહત્તમ વેક્સિનેશન થાય તેવા વહીવટી તંત્ર પ્રયાસ કરી સૂચનાઓ આપી રહ્યું છે. પરંતુ રસીનો પૂરતો જથ્થો ન હોવાના કારણે અનેક વિસ્તારોમાં વેક્સિનેશનનું કમઠાણ સર્જાયું છે. વેક્સિનેશન વધારવાની સરકારે સૂચના તો આપી પરંતુ રસીના અભાવે તેનો અમલ કેવી રીતે કરવો તે પ્રશ્ન ખુદ આરોગ્ય વિભાગને સતાવી રહ્યો છે. જિલ્લામાં તાજેતરમાં વેક્સિનેશન મહાઅભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો.

જેમાં રસીથી વંચિત રહેલા તમામ લોકોને આવરી લઈ ટૂંક સમયમાં જ વેક્સિનનું કામ પૂર્ણ થાય તેવા આશય સાથે શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ સરકારી હોસ્પિટલોમાં વ્યવસ્થા ઉભી કરવામાં આવી. કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક સાબિત થઈ હોવાથી છેલ્લે પ્રજાને પણ કોરોના સામે લડવા માટે વેક્સિન અસરકારક હથિયાર હોવાનું જણાયું જેથી તમામ રસીકરણ કેન્દ્રો ઉપર પ્રજાજનોએ રસી માટે લાંબી કતારો લગાવી પરંતુ હવે છેલ્લા ચારેક દિવસથી જિલ્લાના અનેક રસીકરણ કેન્દ્રો ઉપર રસીનો જથ્થો ન હોવાના કારણે ધરમધક્કા શરૂ થયા છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં દૈનિક પૂરતા પ્રમાણમાં રસીના ડોઝ ફાળવવાની સરકારે જાહેરાત કરી હતી પરંતુ જિલ્લામાં રસીકરણ પ્રારંભ થયા પછી ડોઝમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જેના કારણે રસીકરણ કેન્દ્રો ઉપર વેક્સિન ન હોવાના લીધે લોકો રસી લીધા વિના પરત ફરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી રસીની અછત છતાં રાજ્ય સ્તરેથી કોઈ નક્કર નિરાકરણ લાવવામાં આવ્યું ન હોવાનો ખુદ આરોગ્ય વિભાગના અધિકારીઓ દબાતા સૂરે બોલી રહ્યા છે.



# સાબરકાંઠા, અરવલ્લીની ગ્રામ પંચાયતો દ્વારા ખરીદાયેલ સોલાર લાઈટ શોભાના ગાંઠીયા

## સૂર્ય ઉર્જાથી અંધારાં ઉલેચવાનું આયોજન નિષ્ફળ
## ૧૪મા નાણાપંચના લાખો રૂપિયા વેડફાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭૨૦ થી વધુ ગ્રામ પંચાયતોમાં ૧૪મા નાણાપંચ હેઠળ ખરીદાયેલ હજારો સ્ટ્રીટ લાઈટો ૮ વર્ષના સમયગાળામાં શોભાના ગાંઠીયારૂપ બની ગઈ છે. કેટલાક વિસ્તારોમાં તો જે સ્થળે સોલાર લાઈટ ગોઠવવામાં આવી હતી તે સ્થળેથી થાંભલા પણ ગાયબ થઈ ગયા છે. સૂર્ય ઉર્જાથી ગ્રામ્ય વિસ્તારમાં અંધારાં ઉલેચવાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ જે તે સમયે હલકી ગુણવત્તાની ખરીદી થતાં ગામડાઓમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલી સ્ટ્રીટ લાઈટો અજવાળાં પાથરી રહી છે.



### સ્ટ્રીટલાઈટની ખરીદીમાં અધધ ભ્રષ્ટાચારની આશંકા

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ગ્રામ પંચાયતોમાં વર્ષ-૨૦૧૪ના સમયગાળામાં ખરીદાયેલી સ્ટ્રીટલાઈટો શોધી પણ ન જડે તેવી સ્થિતિ દેખાઈ રહી છે. ખરીદીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે જેમાં જે તે સમયે રૂા.૧૦,૦૦૦ની કિંમતની સોલાર સ્ટ્રીટલાઈટની ખરીદી રૂા.૨૪,૦૦૦માં થયાની ફરિયાદો પણ હવે રહી રહીને બહાર આવે છે ત્યારે ૧૪મા નાણાપંચ અંતર્ગત થયેલ સોલાર લાઈટની ખરીદીની તપાસ થાય તો અધધ ભ્રષ્ટાચાર બહાર આવી શકે છે.

ગામડાંના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ અમલમાં છે. પ્રજાને પાયાની જરૂરીયાતો પૂરી પાડવા માટે વર્ષે-દહાડે કરોડો રૂપિયાનું આંધણ થાય છે પરંતુ યોગ્ય આયોજનના અભાવે પ્રજાને હાલાકી ભોગવવી પડતી હોય છે. ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રિના સમયે પ્રજાને અંધારે અટવાવવું ન પડે તે માટે સોલાર લાઈટ મોટા ઉપાડે ગામડાઓમાં ગોઠવાઈ તો ગઈ પરંતુ યોગ્ય મેન્ટેનન્સના અભાવે સ્ટ્રીટ લાઈટો નકામી બની છે. ૮ વર્ષ અગાઉ ગ્રામ પંચાયતો દ્વારા ૧૪મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ મોટાભાગના વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટોની ખરીદી કરી જરૂરી જણાય તે જગ્યાએ થાંભલા ઉભા કરી સ્ટ્રીટલાઈટો ગોઠવવામાં આવી જેમાં શરૂઆતના દિવસોમાં રાત્રે સૂર્યની ઉર્જાનો પ્રકાશ રેલાતાં પ્રજા હરખાઈ ઉઠી પરંતુ ટૂંક સમયમાં જ એક પછી એક સ્ટ્રીટ લાઈટો અંધારાં ઉલેચવામાં નિષ્ફળ બની. ગ્રામ પંચાયતો દ્વારા સ્ટ્રીટલાઈટો ઉભી કરાયા પછી સમયસર યોગ્ય સમારકામ થયું ન હોવાના કારણે કેટલાક વિસ્તારોમાં તો આખે આખી સ્ટ્રીટલાઈટો સ્થળ ઉપરથી ગાયબ થઈ ગઈ છે. સ્ટ્રીટલાઈટની ખરીદીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આક્ષેપો જે તે સમયે ઉઠ્યા હતા પરંતુ બંન્ને જિલ્લાના જવાબદાર તંત્ર દ્વારા કોઈ ગંભીરતા દાખવવામાં આવી ન હોવાના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં સોલાર સ્ટ્રીટલાઈટો સૂકાઈ ગયેલા વૃક્ષનાં ઠૂંઠાંની જેમ ઉભી છે.

### કાંઝીયા-ભાટીયા સમાજનું ગૌરવ

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની ઓફીસર લેવલ સીધી ભરતી પરીક્ષા તાજેતરમાં યોજાઈ ગઈ. ગાંધીનગરના



કંદર્પકુમાર જગદીશભાઈ કાંઝીયા ઓફીસર તરીકે પસંદ થઈ એસ.બી.આઈ. ગાંધીનગરની મુખ્ય બ્રાન્ચ સેક્ટર-૧૦માં નિમણૂંક મળતાં કાંઝીયા-ભાટીયા સમાજનું ગૌરવ વધારતાં ગુજરાત ભાટીયા સમાજ (મોડાસા જૂથ)ના પૂર્વ પ્રમુખ ભૂપેન્દ્રભાઈ ભાટીયા, નિવૃત્ત તલાટી મહેન્દ્રભાઈ ભાટીયા, ગોપાલભાઈ ભાટીયા, વિષ્ણુભાઈ ભાટીયા (ઓ.એન. જી. સી.અંકલેશ્વર)એ અભિનંદન પાઠવ્યા હતા.

# બાયડ પાટલા ઘો પ્રકરણ : રાજ્ય વ્યાપી નેટવર્કની આશંકા

## વડોદરા જિલ્લા પછી અરવલ્લીમાં પાટલા ઘો ઝડપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ બાયડના નવીનગરી વસાહતમાંથી વન વિભાગની ટીમે રાજુ પોપટભાઈ વાઘેલાના ઘરે ઓચિંતો છાપો મારી જીવિત ૩ પાટલા ઘો પકડ્યા પછી તપાસ શરૂ થઈ છે. દરમ્યાન વડોદરા જિલ્લાના શિનોરના તવરા ગામે પણ ૧૧ મૃત પાટલા ઘો સાથે બે આરોપીઓ ઝડપાયા હોવાના કારણે રાજ્ય વ્યાપી નેટવર્કની આશંકા વ્યક્ત થઈ છે. પાટલા ઘો ના વિવિધ અંગોનો દવાઓ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવતો હોવાના કારણે વન વિભાગ આ દીશામાં ઉંડી તપાસ કરે તો પાટલા ઘો ની હત્યા તેમજ તસ્કરીના તાર અન્ય જિલ્લા સુધી પહોંચી શકે છે.

તાંત્રિક વિધિઓ તેમજ દવાઓ બનાવવા માટે વન્ય પ્રાણીઓનો ઉપયોગ થતો હોવાના કારણે અનેક વન્ય પ્રજાતિ લુપ્તતાના આરે આવી ને ઉભી છે. અગાઉના વર્ષોમાં તાંત્રિકો ઘુવડનો ઉપયોગ કરતા હોવાથી રાજ્યભરમાં ઘુવડની તસ્કરીમાં વધારો થઈ ગયો હતો ત્યારબાદ હવે પાટલા ઘો ના વિવિધ અંગોનો દવાઓ બનાવવામાં ઉપયોગ થતો હોવાના કારણે હવે પાટલા ઘો ની તસ્કરી સામાન્ય બની છે. બાયડના નવીનગરી વસાહતમાંથી વન વિભાગે ૩ જીવતિ પાટલા ઘો ઝડપ્યા પછી પાટલા ઘો ને ગેરકાયદેસર રીતે કબજામાં રાખનાર રાજુ વાઘેલા ફરાર થઈ ગયો છે. બાયડ ઉપરાંત તાજેતરમાં વડોદરા જિલ્લાના તવરા ગામે પણ બે શિકારીઓને ઝડપી પાડવામાં આવ્યા છે જેમાં પાટલા ઘો નો શિકાર કરી તેના શરીરના અંગોથી દુઃખાવાની દવા બનાવી ઉંચી કિંમતે વેચવામાં આવતી હોવાનો પર્દાફાશ થયો છે જેથી બાયડના નવીનગરી વસાહતમાંથી ઝડપાયેલા પાટલા ઘો નું પ્રકરણ રાજ્ય વ્યાપી હોવાની આશંકા બળવત્તર બની છે. છેલ્લા કેટલાય સમયથી વન્ય જીવોની ગેરકાયદેસર હેરાફેરીમાં વધારો થવાની સાથે ચોક્કસ શિકારીઓ શરીરના દુઃખાવાની દવા બનાવવા માટે પાટલા ઘો ની તસ્કરીમાં સક્રીય બન્યાની આશંકા વ્યક્ત થઈ છે.



# આંબલિયારા પંચાયતમાં માહિતી માંગનાર અરજદારને ફટકાર્યો

## મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો, મામલો ગાંધીનગરના દરબારમાં પહોંચશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ બાયડ તાલુકાના આંબલિયારા ગામના અંકુર રમેશભાઈ પરમારે માહિતી અધિકાર હેઠળ ગ્રામ પંચાયતમાંથી ૪૧ મુદ્દાની માહિતી માંગી હતી જેનો રોષ દાખવી પંચાયતમાં આ બાબતે પૂછપરછ કરવા જતાં કારકૂન વિજેન્દ્રસિંહ દલપતસિંહ ચૌહાણે દંડા વડે ફટકારી પગની ઘૂંટણીએ ચલાવ્યાનો આક્ષેપ કરતો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં સનસનાટી મચી ગઈ છે. આવનારા દિવસોમાં આ મામલો ગાંધીનગરના દરબારમાં પહોંચશે. અરજદારે પોતાને ન્યાય નહીં મળે અને હુમલો કરનારા સસ્પેન્ડ નહીં થાય ત્યાં સુધી ઝંપીને બેસીશ નહીં તેમ જણાવ્યું છે.



ગામડાઓમાં આજે પણ ગ્રામ પંચાયતો પ્રજાની સમસ્યાઓ ઉકેલવા માટે તત્પર હોય છે. અનેક સરપંચો અને તલાટી કમ મંત્રીઓએ સારી કામગીરીથી ગ્રામજનોના દિલ જીત્યા છે પરંતુ ક્યારેક એવી ઘટના બને એટલે તમામ પંચાયતો અને તેના કર્મચારી પદાધિકારીઓ બદનામ થતા હોય છે. વાત એવી છે કે આંબલિયારાના અંકુર પરમારે ગ્રામ પંચાયતમાં થયેલા વિકાસના કામો, આવાસ યોજનામાં કોને કોને લાભ મળ્યો, તલાટી કમ મંત્રી ક્યારે ગ્રામ પંચાયતમાં હાજર થયા..સહિતની ૪૧ મુદ્દાની વિગતો માહિતી અધિકાર કાયદા હેઠળ માંગી હતી અને ત્યારથી પંચાયતના કર્મચારી અને માહિતી માંગનાર વચ્ચે ખટરાગ હતો. માહિતી માંગનાર યુવાન તલાટી કમ મંત્રીને મળવા માગતા હતા. તલાટી પંચાયતમાં હાજર છે તેવું જાણવા મળતાં પંચાયતમાં પહોંચ્યા ત્યારે કલાર્ક દ્વારા માસ્ક કેમ પહેર્યો નથી તેમ કહી દંડા વડે બેરહેમીથી ફટકારતાં ઈજા પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં યુવાન બાયડ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો અને ત્યાંથી સારવાર માટે બાયડની ખાનગી હોસ્પિટલમાં ગયાનું જાણવા મળ્યું છે.

### તલાટી યોગ્ય જવાબ આપતા નથી : અરજદારનો આરોપ

માહિતી અધિકાર હેઠળ વિગતો માંગનાર અંકુર પરમારે આંબલિયારા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ઉપર આરોપ લગાવ્યો છે કે તલાટી યોગ્ય જવાબ આપતા નથી અને મોબાઈલ પણ ઉપાડતા નથી. જ્યારે પંચાયત ઘરમાં ટેલિફોનની સુવિધા ન હોવાનો પણ આરોપ લગાવ્યો છે.

### અન્ય પાર્ટીનો દાખલો આપી ન શકાય : તલાટી કમ મંત્રી

તલાટી કમ મંત્રી કિર્તન પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે આક્ષેપો તદન ખોટા છે. અરજદારે અન્ય પાર્ટીનો દાખલો માગ્યો હતો જે અમે પાર્ટીની હાજરી વગર ન આપી શકીએ.

# સલામ : કોરોનાના કપરા કાળમાં ગાબટ સેવા મંડળીની સળંગ ૨ વર્ષથી પાક ધિરાણમાં ૧૦૦ ટકા વસુલાત

## સાબરકાંઠા મધ્યસ્થ બેન્ક દ્વારા સેવા મંડળીના ચેરમેન પરેશ પટેલનું જાહેરમાં સન્માન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ કોરોનાના કપરા કાળમાં ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા, કોઈ આવક નથી તેવું વધારે સાંભળવા મળ્યું. ત્યારે કહેવત છે કે ખેડૂત ક્યારેય પણ નાસીપાસ થતો નથી અને તેનું ઉત્તમ ઉદાહરણ બાયડ તાલુકાના ગાબટ પંથકના ખેડૂતોએ પુરૂ પાડ્યું છે. ગાબટ સેવા સહકારી મંડળીના ખેડૂતોને પાક ધિરાણ આપવામાં આવે છે. કોરોનાના કપરા કાળમાં પણ સેવા મંડળીના કાર્યદક્ષ ચેરમેન પરેશભાઈ પી. પટેલ અને કમીટીના પ્રયાસથી સળંગ બીજા વર્ષે પણ ૧૦૦ ટકા વસુલાત મેળવી હતી. સાબરકાંઠા મધ્યસ્થ બેન્કની યોજાયેલી સામાન્ય સભામાં ગાબટ સેવા મંડળીના ચેરમેન પરેશભાઈ પટેલનું વિશેષ સન્માન થતાં સમગ્ર ગાબટ પંથકમાં ખુશાલી છવાઈ છે.

રાજકીય, સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે યોગદાન આપવામાં અગ્રેસર તેમજ ગામના વિકાસ અને ગામની સહકારી સંસ્થાઓ કેવી રીતે વધુ સમૃદ્ધ બને તેવા પ્રયાસની પરેશ પટેલની કામગીરીની નોંધ લેવાવવી જોઈએ. તેમને અનેક યુવાઓની આંગળી પકડી રાજકારણમાં ઉંચા હોદ્દા સુધી પહોંચાડ્યા. પરંતુ તેમને જ અપાર દુઃખ પણ આપ્યું છે છતાં વ્યક્તિ ખરાબ નથી તેનો સમય ખરાબ છે..તેવી સમજ કેળવનાર ગાબટ સેવા મંડળીના ચેરમેને કોરોનાના કપરા કાળમાં પાક ધિરાણ મેળવતા ખેડૂતોને સતત હુંફ આપવાની સાથે તમે નિયમિત પાક ધિરાણની બાકી રકમ ભરશો તો મંડળીની ક્રેડીટ વધશે અને તમને પણ ફાયદો થશે તેવી સમજ અસર કરતાં સળંગ બીજા વર્ષે પણ પાક ધિરાણ વસુલાતમાં ૧૦૦ ટકા સફળતા મેળવી સેવા મંડળી માટે એવોર્ડ જીત્યો છે. એક સમય એવો હતો કે આજ સેવા મંડળી કરોડોની ઉચાપતના કારણે સમગ્ર જિલ્લામાં બદનામ થઈ હતી પરંતુ કહેવત છે કે સારા વ્યક્તિઓના હાથમાં વહીવટ હોય તો કોલસો પણ સોનું બની જાય છે.



### ગોસ્વામીમઠ દૂધ મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

બાયડ તાલુકાના સરસોલીની ધી ગોસ્વામીમઠ દૂધ મંડળીની વાર્ષિક સાધારણ સભા ચેરમેન બિજલબેન રવિન્દ્રગીરી ગોસ્વામીની ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ. વર્ષ દરમ્યાન મંડળી દ્વારા થયેલી કામગીરી અને નફા-નુકસાનનું સરવૈયું રજૂ કરવામાં આવ્યું હતું. મંડળીએ કરકસર વહીવટ કરી વાર્ષિક નફો ૨૪ ટકા કર્યો હતો જેની દૂધ ઉત્પાદકોએ નોંધ લઈ મહિલા ચેરમેનની કામગીરીને બિરદાવી હતી. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે નફો વધ્યો છે તેમજ દૂધ ઉત્પાદન વધે તે માટે સૌથી શ્રેષ્ઠ પશુપાલકને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સેક્રેટરી કાન્તિગીરી મોહનગીરી ગોસ્વામીએ સામાન્ય સભાનું સફળ આયોજન કર્યું હતું જેમાં વાઈસ ચેરમેન તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.